બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા, ઘટાડા તથા ગ્રાન્ટ કાપની માર્ગ દર્શક સૂચનાઓ બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૧૦૬ -૨૧૩૮-ગ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૭-૧૨-૨૦૧૫

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૩૧-૧૨-૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક : ઉમશ – ૧૧૦૬ – ૨૧૩૮ – ગ.૧.
(૨) શિક્ષણ વિભાગનો તારીખ ૦૮-૦૩-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક : ઉમશ – ૧૧૦૬ – ૨૧૩૮ – ગ.૧.
(૩) શિક્ષણ વિભાગનો તારીખ ૧૧-૦૮-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક : ઉમશ – ૧૧૦૬ – ૨૧૩૮ – ગ.૧.
(૪) શિક્ષણ વિભાગની તારીખ ૧૧-૦૮-૨૦૧૫ની કાર્યવાહી નોંધ ક્રમાંક : પરચ-૧૨૨૦૧૩-૪૨૨-વ.૨.
(૫) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીની તારીખ ૦૧-૦૯-૨૦૧૫ની સિંગલ ફાઇલ પરની નોંધ.

ઠરાવ :-

શિક્ષણ વિભાગના તારીખ ૩૧-૧૨-૨૦૦૯ અને તારીખ ૦૮-૦૩-૨૦૧૧ના ઠરાવથી રાજ્યની દરેક માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યા કેટલી હોવી જોઇએ તથા વર્ગ વધારા ઘટાડા, ગ્રાન્ટ કાપ અને સરાસરી હાજરી અંગેની નીતિ નક્કી કરેલ છે. જેમાં (૧) શહેરી વિસ્તાર માટે વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યા ૬૦ અને વધારાના ૩૬ વિદ્યાર્થી થાય તો બીજો વર્ગ મંજુર કરવાનો રહે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. (૨) ગ્રામ્ય વિસ્તાર માટે વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યા ૬૦ અને વધારાના ૨૪ વિદ્યાર્થી થાય તો બીજો વર્ગ મંજુર કરવાનો રહે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે.

ચાલુ વર્ષે શાળાઓનું પરિણામ ઓછું આવેલ હોવાથી શાળાઓમાં મોટા પ્રમાણમાં વર્ગો બંધ થાય છે. જેથી મોટા પ્રમાણમાં શિક્ષકો ફાજલ થવાની સંભાવના હોવાથી તારીખ ૨૩-૦૭-૨૦૧૫ ના રોજ માન.મુખ્ય મંત્રીશ્રીની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં હાલ પુરતો પ્રવર્તમાન વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યા તેમજ વધારાના વર્ગ મંજુર કરવા માટેની વિદ્યાર્થી સંખ્યામાં ફેરફાર કરી શાળાનો વર્ગ બંધ ન થાય અને શિક્ષકોને ગોઠવી શાકાય તેવી વ્યવસ્થા કરવાનું નક્કી કરવામાં આવેલ. આ સંદર્ભમાં હાલની પ્રવર્તમાન વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યા તેમજ બીજા વર્ગ માટેની વિદ્યાર્થી સંખ્યામાં ફેરફાર કરી વર્ષ ૨૦૧૫-૧૬ ના શૈક્ષણીક વર્ષ પૂરતી નીચેની શરતોને આધીન નીચે મુજબની વિદ્યાર્થી સંખ્યા ધ્યાને લેવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) શહેરી વિસ્તાર માટે વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યા ૪૦ અને બીજા વર્ગ માટે ૩૦ વિદ્યાર્થી સંખ્યા થાય તો બીજો વર્ગ મંજુર કરવાનો રહેશે તેવી જોગવાઇ કરવામાં આવે છે.
(૨) ગ્રામ્ય વિસ્તાર માટે વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યા ૪૦ અને બીજા વર્ગ માટે ૨૦ વિદ્યાર્થી સંખ્યા થાય તો બીજો વર્ગ મંજુર કરવાનો રહેશે તેવી જોગવાઇ કરવામાં આવે છે.

| (A) શહેરી વિસ્તાર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) શહેરી વિસ્તારની શાળાઓ માટે નિયત માપદંડ મુજબ વર્ગદીઠ વિદ્યાર્થી સંખ્યા | | | | | | | |
| વિગત | વર્ગ દીઠ રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓની જરૂરી સંખ્યા | | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ધોરણ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | |
| વર્ગ વધારો આપવાનો હોય ત્યારે | A | B | C | D | E | F | |
| મહત્તમ વિદ્યાર્થીઓની સંખ્યા | ૪૦ | ૪૦ | ૪૦ | ૪૦ | ૪૦ | ૪૦ | |
| ક્રમિક વર્ગ વધારા માટે જરૂરી વિદ્યાર્થીઓની સંખ્યા | | ૩૦ | ૪૦ | ૪૦ | ૪૦ | ૪૦ | |
| | | | ૩૦ | ૪૦ | ૪૦ | ૪૦ | |
| | | | | ૩૦ | ૪૦ | ૪૦ | |
| | | | | | ૩૦ | ૪૦ | |
| | | | | | | ૩૦ | |
| કુલ વિદ્યાર્થી | ૪૦ | ૭૦ | ૧૧૦ | ૧૫૦ | ૧૯૦ | ૨૩૦ | |

| (૨) શહેરી વિસ્તારમાં સરાસરી હાજરીની ટકાવરી અને ગ્રાન્ટ કાપના માપદંડ | | | | | | | ગ્રાન્ટ કાપ |
|---|---|---|---|---|---|---|---|
| સરાસરી હાજરી @૮૦% | ૩૨ | ૫૬ | ૮૮ | ૧૨૦ | ૧૫૨ | ૧૮૪ | કોઈ ગ્રાન્ટ કાપ નહી. |
| સરાસરી હાજરી @૭૫% | ૩૦ | ૫૩ | ૮૩ | ૧૧૩ | ૧૪૩ | ૧૭૩ | ૨૫% |
| સરાસરી હાજરી @૭૦% | ૨૮ | ૪૯ | ૭૭ | ૧૦૫ | ૧૩૩ | ૧૬૧ | ૫૦% |
| સરાસરી હાજરી @૬૫% | ૨૬ | ૪૬ | ૭૨ | ૯૮ | ૧૨૪ | ૧૫૦ | ૭૫% |
| સરાસરી હાજરી @૬૦% | ૨૪ | ૪૨ | ૬૬ | ૯૦ | ૧૧૪ | ૧૩૮ | ૮૦% |

| (B) ગ્રામ્ય વિસ્તાર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) ગ્રામ્ય વિસ્તારની શાળાઓ માટે નિયત માપદંડ મુજબ વર્ગદીઠ વિદ્યાર્થી સંખ્યા | | | | | | | |
| વિગત | વર્ગ દીઠ રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓની જરૂરી સંખ્યા | | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ધોરણ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | ૯ થી ૧૨ | |
| વર્ગ વધારો આપવાનો હોય ત્યારે | A | B | C | D | E | F | |
| મહત્તમ વિદ્યાર્થીઓની સંખ્યા | ૪૦ | ૪૦ | ૪૦ | ૪૦ | ૪૦ | ૪૦ | |
| ક્રમિક વર્ગ વધારા માટે જરૂરી વિદ્યાર્થીઓની સંખ્યા | | ૨૦ | ૪૦ | ૪૦ | ૪૦ | ૪૦ | |
| | | | ૨૦ | ૪૦ | ૪૦ | ૪૦ | |
| | | | | ૨૦ | ૪૦ | ૪૦ | |
| | | | | | ૨૦ | ૪૦ | |
| | | | | | | ૨૦ | |
| કુલ વિદ્યાર્થી | ૪૦ | ૬૦ | ૧૦૦ | ૧૪૦ | ૧૮૦ | ૨૨૦ | |

| (૨) ગ્રામ્ય વિસ્તારમાં સરાસરી હાજરીની ટકાવરી અને ગ્રાન્ટ કાપના માપદંડ | | | | | | | ગ્રાન્ટ કાપ |
|---|---|---|---|---|---|---|---|
| સરાસરી હાજરી @૫૫% | ૨૨ | ૩૩ | ૫૫ | ૭૭ | ૯૯ | ૧૨૧ | કોઈ ગ્રાન્ટ કાપ નહી. |
| સરાસરી હાજરી @૫૦% | ૨૦ | ૩૦ | ૫૦ | ૭૦ | ૯૦ | ૧૧૦ | ૨૫% |
| સરાસરી હાજરી @૪૫% | ૧૮ | ૨૭ | ૪૫ | ૬૩ | ૮૧ | ૯૯ | ૫૦% |
| સરાસરી હાજરી @૪૦% | ૧૬ | ૨૪ | ૪૦ | ૫૬ | ૭૨ | ૮૮ | ૭૫% |

શરતો :-

**(૧)** આ ફેરફાર શૈક્ષણીક વર્ષ ૨૦૧૫-૧૬ પુરતો અમલમાં રહેશે.

**(૨)** આ ફેરફાર માત્ર વર્ગ ઘટાડો થતો હોય તે જ શાળાઓને લાગુ પાડવાનો રહેશે.

**(૩)** આ ફેરફાર સંદર્ભે શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ની શરૂઆતમાં સમીક્ષા કરી જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૦૯-૧૦-૨૦૧૫ ની નોંધથી મળેલ સંમતિ થી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.બી.પંડ્યા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રી ના અગ્ર સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (ટે.શિ. અને ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (ટે.શિ. અને ઉ.શિ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રા.શિ. અને મા.શિ.)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (પ્રા.શિ. અને મા.શિ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઈલ.